ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગુજરાત સ્થિત હરિયાણાના યુવાનની અનન્ય મોદી ભક્તિ : અન્નનો ત્યાગ કર્યો

## નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી ન બને ત્યાં સુધી અન્ન ત્યાગ : આકરી બાધા યજ્ઞ અને પૂજા-વિધિ પણ કરાવશે : ૧૨ જ્યોર્તિલીંગના દર્શન બાદ અન્ન ગ્રહણ કરશે

ગાંધીનગર, તા. ૨૧

હર-હર મોદી, ઘર-ઘર મોદી ના નારા સાથે મોદી ભક્તોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે.

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રસંશકો રાજ્ય ઉપરાંત દેશના અનેક રાજ્યોમાં પણ વધી રહ્યા છે. ત્યારે મોદી પ્રસંશક હરિયાણાના સુરેશકુમારે 'મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી' દેશના વડાપ્રધાન બને તે માટે મોદી ભક્તિમાં લીન બની આકરી બાધાઓ રાખી છે અને જ્યાં સુધી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન નહી બને ત્યાં સુધી અન્નનો ત્યાગ કરી માત્ર પૂજા પાઠ કરવાનું પ્રણ લીધુ છે.



અનોખા મોદી ભક્તની વાત એવી છે કે હરિયાણા રાજ્યના પાણીપત જિલ્લાના સિવાહ ગામના મૂળ વતની ૪૨ વર્ષીય બીકોમ પાસ સુરેશકુમાર ઈન્દ્રસિંહ કાદીયાત હેન્ડલૂમ વ્યવસાય સાથે સંકળાયેલા છે. છેલ્લા ૧૦ વર્ષથી 'ભારત ઉત્સવ'ના નામે હેન્ડલૂમ અને હેન્ડક્રાફ્ટ પ્રદર્શન ચલાવે છે. અને ગુજરાતના અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, જામનગર, જૂનાગઢ, આણંદ, નડીયાદ, વાપી, વલસાડ, નવસારી, કચ્છ, ભૂજ વગેરે સ્થળો પ્રદર્શન લગાવી ચૂક્યા છે. જેથી કરીને ગુજરાતના વિકાસથી ભારે પ્રભાવિત થયા હતા અને મોદીના પ્રસંશક બની ગયા છે. ગત તા. ૧ જુલાઈ ૨૦૧૩ થી સંકલ્પ લઈ મોદીજી દેશના પ્રધાનમંત્રી બને તેવા વિશ્વાસ સાથે તે જ દિવસથી સંપૂર્ણપણે અન્નનો ત્યાગ કરી દીધો છે. માત્ર ને માત્ર ફળફળાદી અને પાણી તેમજ દૂધ ગ્રહણ કરે છે. મોદી ભક્ત અને પ્રસંશક સુરેશકુમાર કાદીયાત એ નરેન્દ્રભાઈ

● અનુસંધાન પાન-૭ પર



વાદળછાયુ વાતાવરણ - ગાંધીનગર શહેરમાં અને જિલ્લામાં આજે વહેલી સવારથી વાતાવરણમાં એકાએક પલ્ટો વર્તાતો હતો. વહેલી સવારથી વાદળછાયા વાતાવરણને કારણે સૂર્યના આકરા તાપના અભાવે ઠંડક અને સુસ્તિ વર્તાતી હતી. મહા મહિનામાં જેઠ મહિના જેવું વાતાવરણ અનુભવાતું હતું. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગર-હાંસોલ વચ્ચે એક્સપ્રેસ વે કોરીડોરના વિકાસ માટે આયોજન

## પાટનગર નજીકની ગિફ્ટ સીટીના વિકાસને ધ્યાને ૨૦ કરોડના માર્ગોનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર હાંસોલ વચ્ચે એક્સપ્રેસ વે કોરીડોર સહિત રૂ. ૨૦ કરોડથી વધુ ખર્ચના માર્ગોના કામ હાથ ધરવાનું આયોજન માર્ગ-મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

આજે રાજ્ય વિધાનસભાગૃહમાં રજુ થયેલા ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં આ આયોજન અંગેની જોગવાઈઓ સૂચવવામાં આવી છે.

ગાંધીનગર નજીક નિર્માણ પામેલ ગિફ્ટ સીટી આગામી દિવસોમાં ધમધમતી થનાર હોઈ તંત્રએ આગોતરા આયોજનો હાથ ધર્યા છે. ગિફ્ટ સીટીના માર્ગના અપગ્રેડેશન માટે પણ રૂ. ૬ કરોડની જંગી રકમ ફાળવી છે.

તો ગાંધીનગર-હાંસોલ એક્સપ્રેસ વે કોરીડોર માટે પણ જંગી રકમ ફાળવી તેના ડેવલપમેન્ટ વિશેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત હાંસોલ બ્રીજથી એરપોર્ટ સુધીનો માર્ગ છ માર્ગીય કરવાનું આયોજન કરાયું છે.

૪ માસનું વચગાળાનું અંદાજપત્ર ગૃહમાં રજુ થયું છે. જેમાં કોઈ નવી બાબતો સમાવવામાં આવી નથી પરંતુ હવે પછી રજુ થનાર પૂર્ણ બજેટમાં પાટનગર યોજના દ્વારા વિકાસને ઝડપી બનાવવા માટે મહત્વના પગલાં લેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

# સચિવાલયમાં ૯૫ નાયબ સચિવોની જગ્યા ખાલી

## જિલ્લામાં કાંસની સફાઈ માટે બે વર્ષમાં ૨૯ લાખ રૂ. ખર્ચાયા : ટીસ્યુકલ્ચર લેબોરેટરી માટે રૂ. ૩૨.૫૦ લાખની સહાય ચુકવાઈ છે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં ટીસ્યુકલ્ચર લેબોરેટરીના ૩ એકમો કાર્યરત થયા છે. તેમ રાજ્યના કૃષિમંત્રીશ્રીએ ભાજપના ધારાસભ્યશ્રી અશોક પટેલના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

કૃષિમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૩-૧૪માં ૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં આ લેબોરેટરીની સ્થાપના માટે રૂ. ૩૨.૫૦ લાખની સહાય પણ ચુકવવામાં આવી છે.

### ● કલ્પવૃક્ષ યોજના હેઠળ સહાય

ગાંધીનગર જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના અંતર્ગત ચાલુ નાણાંકીય વર્ષમાં ચુકવાયેલી સહાય અંગે ભાજપના શ્રી અશોક પટેલે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સહકાર મંત્રીશ્રીએ જણાવ્યું છે કે રૂ. ૫૫.૬૨ લાખની સહાય ચુકવવામાં આવી છે.



વિધાનસભામાં ગાંધીનગર - પ્રકાશ જહા

આ જિલ્લામાં બજાર સમિતિ માણસાને રૂ. ૮.૬૦ લાખ ચુકવવાના બાકી હોવાનું પણ મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

### ● પોલીસના આરોગ્યની ચકાસણી

ગાંધીનગર(દ)ના ભાજપના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે રાજ્યના પોલીસ ખાતામાં ફરજ બજાવતા કર્મચારીઓના આરોગ્યની ચકાસણી અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના ૧૦૦૧ કર્મચારીઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે.

### ● રસ્તાની જમીનો અપાઈ નથી

કોંગીના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોરે ગાંધીનગર-અમદાવાદ જિલ્લામાં ઔદ્યોગિક વસાહતોની રસ્તાની જમીનો ખાનગી વ્યક્તીઓને સોંપવા બાબતે ફરિયાદો મળી છે કે કેમ તેવા પ્રશ્નના ઉત્તરમાં ઉદ્યોગમંત્રીશ્રીએ જણાવ્યું છે કે આવી કોઈ ફરિયાદ મળી નથી.

### ● કાંસની લંબાઈ અને સફાઈ

ગાંધીનગર(દ)ના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં આવેલ કાંસની લંબાઈ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર તાલુકામાં ૬૫ કિ.મી., કલોલમાં ૮૩ કિ.મી. અને દહેગામ તાલુકામાં ૫૭ કિ.મી. મળી કુલ ૨૦૫ કિ.મી.ની લંબાઈના કાંસ આવેલા છે.

તેમણે સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષ દરમ્યાન અર્થાત ૨૦૧૨માં ૧૫૦ કિ.મી. અને ૨૦૧૩માં ૧૫૪.૫૦ કિ.મી.ની લંબાઈમાં સફાઈની કામગીરી આ કાસંની હાથ ધરવામાં આવી હતી.

આ પાછળ રાજ્ય સરકારે બે વર્ષમાં રૂ. ૨૯ લાખ જેટલો ખર્ચ કર્યો છે. ૨૦૧૨માં રૂ. ૧૭.૪૯ લાખનો તથા ૨૦૧૩માં રૂ. ૧૧.૮૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

### ● નાયબ સચિવની ખાલી જગ્યાઓ

કોંગીના ધારાસભ્ય શ્રી અશ્વિન કોટવાલે સચિવાલય કક્ષાએ ૩૧-૧૨-૧૩ની સ્થિતિએ નાયબ સચિવની ખાલી જગ્યાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૯૫ જગ્યાઓ ખાલી છે અને તે ભરવા અંગેની વિચારણા હાલ સરકારમાં ચાલી રહી છે.

# જામીન નામંજુર થતા ચંપાવત સેન્ટ્રલ જેલ હવાલે

## પોલીસે માંગેલા ફર્ધર રિમાન્ડ કોર્ટે નામંજુર કર્યા : એક એજન્ટ અનિલ મેવાડા હજુ ફરાર

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર એલસીબી પોલીસે ચંપાવતને ભરતી કૌભાંડ આચરી ઉમેદવારો પાસેથી કરોડો રૂપિયાનાં ઉઘરાણા કરવાનાં કેસમાં ઝડપી પાડી રિમાન્ડ મેળવી સઘન તપાસ ચલાવી હતી. દરમિયાન રિમાન્ડ પુરા થતા ફર્ધર રિમાન્ડની માંગણી પોલીસે કરી હતી. કોર્ટે રિમાન્ડ નામંજુર કર્યા હતાં. ચંપાવતના જામીન માટે થયેલી અરજી પણ કોર્ટે ફગાવી દેતા ચંપાવતને સેન્ટ્રલ જેલ હવાલે મોકલી દેવામાં આવ્યો છે.

પોલીસે છ દિવસ સુધી એલસીબી કચેરીમાં ચંપાવતની રિમાન્ડ મેળવીને ઊંડી તપાસ કરી પરંતુ ચંપાવત તપાસમાં સહકાર આપતો ન હોવાથી આજે રિમાન્ડ પુરા થતા વધુ રિમાન્ડ આપવા પોલીસે માંગણી કરી હતી. કોર્ટે આ રિમાન્ડ માંગણી નામંજુર કરી હતી. પોલીસે હજુ એક એજન્ટ અનિલ મેવાડાને પકડવાનો બાકી છે તેની શોધખોળ

● અનુસંધાન પાન-૭ પર

## ચંપાવતનાં વધુ એક એજન્ટ આયુર્વેદીક ડોકટરની ધરપકડ

ચંપાવતની પુછપરછ દરમિયાન વધુ બે એજન્ટ નૈમેષ જયસ્વાલ અને અનિલ મેવાડાનું નામ પોલીસ ઈન્ટ્રોગેશનમાં ખુલ્યું હતું. પોલીસે તપાસ કરીને ચંપાવતના એજન્ટ નૈમેષ જયસ્વાલની ધરપકડ કરી લીધી છે. જયસ્વાલ અમદાવાદના રાણીપ શાસ્ત્રીનગર ખાતે રહે છે અને આયુર્વેદીક ડોકટર છે. ૨૪ જેટલા ઉમેદવારોને તલાટી બનાવી આપવા માટે ચંપાવતને ત્યાં પૈસા સાથે ડૉકટરે મોકલ્યા હતાં. પોલીસે તેની ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.

# મંત્રીના અંગત સચિવનાં પણ સંપર્કમાં...!

## કોલ ડીટેઈલમાં પણ નંબર મળ્યા હોવાની વાત : યોગ્ય તપાસ થાય તો રેલો છેક ઉપર જાય તેવી સંભાવના : તપાસમાં કોઈ અંગત સચિવનું નામ ખુલ્યું નથી : પોલીસ

તલાટી ભરતી કૌભાંડનાં મુખ્ય સુત્રધાર કલ્યાણસિંહ ચંપાવતની તપાસમાં એક મંત્રીના અંગત સચિવ સાથે ટેલીફોનીક સંપર્ક હોવાનું જાણવા મળ્યું છે. ચંપાવતની કોલ ડીટેઈલમાં પણ તેના નંબર મળ્યા હોવાની ચર્ચા છે જો કે આ અંગે એલસીબી પોલીસે તપાસમાં કોઈ અંગત સચિવનું નામ હજુ સુધી ખુલ્યું નથી અને કૉલ ડીટેઈલમાં નંબર હોવાની વાત પણ સ્પષ્ટપણે નકારી છે.

ચંપાવતે તલાટી બનાવવા માટે જેની પાસેથી રૂપિયા ઉઘરાવ્યા હતા તે તમામને બી-માર્ક આપ્યો હતો. આ નિશાન જવાબવહીમાં રાખવા જણાવ્યું હતું. જેને પગલે પોલીસે તમામ ઓએમઆર સીટ તપાસીને બી-માર્ક વાળી ઓએમઆર સીટની વિગતો ભરતી બોર્ડ પાસેથી મંગાવી છે તો બીજી તરફ કોલ ડીટેઈલને આધારે ચંપાવતના સંપર્કો અંગે તપાસ ચલાવવામાં આવી છે. આ તપાસમાં એક મંત્રીના અંગત સચિવ સાથે ચંપાવતના ખાસ સંપર્કો હતા અને અવારનવાર કોલ કર્યાનાં રેકર્ડ પણ કોલ ડીટેઈલમાં મળ્યા હોવાની વાત બહાર આવી છે. જો કે આ સંદર્ભે એલસીબી પોલીસે આ તમામ બાબતો પાયાવિહોણી હોવાનું કહીને સ્પષ્ટ રીતે નકારી છે.

# સે-૨૪માં ત્રણ દાયકા બાદ રસ્તા-સ્ટ્રીટ લાઈટનું કામ હાથ ધરાશે

## ઈન્દિરાનગર, શ્રીનગર અને સૂર્યનારાયણ સોસાયટીમાં સી.સી. રોડ બનશે : ટૂંકમાં મંજુરી બાદ કામ શરુ થશે

ગાંધીનગર, તા.૨૧

સે-૨૪માં ઈન્દિરાનગર અને શ્રીનગર સહીતની સોસાયટીઓમાં ૩૩ વર્ષ બાદ રસ્તા અને સ્ટ્રીટલાઈટનું કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ. ૩.૨૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. ટૂંકમાં વિભાગ કક્ષાએથી મંજૂરી અપાયા બાદ કામગીરી હાથ ધરાશે. હાલ સોસાયટીમાં માર્ગના ઠેકાણે બે ફૂટ માટીના ઢગ ખડકાયેલા છે.

શહેરી વિસ્તારના રોડ નેટવર્કને ચકાચક બનાવવા થોડા સમય અગાઉ જ વિભાગ કક્ષાએથી રૂ. ૩૭ કરોડના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે. જે અન્વયે તબક્કાવાર માર્ગ નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરના મુખ્ય માર્ગો ઉપરાંત જૂના સેકટરોના આંતરિક માર્ગોનું નિયત સમયગાળાના અંતે નવીનીકરણ હાથ ધરવામાં આવનાર છે. બીજી તરફ સે-૨૪માં વિવિધ સોસાયટીઓના આંતરિક માર્ગોનું ત્રણ દાયકાથી વધુ સમયથી કામ હાથ ધરાયું ન હોવાથી રસ્તાઓનું અસ્તિત્વ જ ભૂંસાઈ ગયું છે. સે-૨૪માં સ્થિત ઈન્દિરાનગર, શ્રીનગર, ડબલડેકર તેમજ સૂર્યનારાયણ સોસાયટીમાં તથા રસ્તા બનાવવા તેમજ સ્ટ્રીટલાઈટનું કામ હાથ ધરવા સ્થાનિક રહીશોમાં પ્રબળ માંગ ઉઠવા પામી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર વર્ષ ૧૯૮૦ દરમિયાન આ સોસાયટીમાં રસ્તાઓનું નિર્માણ કરાયું હતું. જયારે ત્રણ દાયકાના લાંબા સમયકાળના અંતે હાલ સોસાયટીના રસ્તાઓ પર બે ફૂટ માટીના ઢગ જામી ગયા છે. જયારે સ્ટ્રીટલાઈટના પોલ્સ પણ દબાણ હેઠળ આવી ગયા હોવાથી રાત્રિના યોગ્ય અજવાળું પથરાતું નથી. આ મામલે સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન દરજી તેમજ સુરેશ મહેતાએ સેકટરમાં રસ્તા અને લાઈટનું કામ હાથ ધરવા રજૂઆત કરી હતી જયારે માર્ગ મકાન મંત્રી કક્ષાએથી ટૂંકમાં જ આ કામને મંજૂરી આપી દેવાતા અંદાજિત રૂ. ૩.૨૫ કરોડના ખર્ચે સેકટરવાસીઓને પાયાની સુવિધા પુરી પાડવામાં આવશે.

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ ભાવાંજલિ



રશ્મિ વિવેક ભાવે

સ્વ. તા. ૨૨/૨/૨૦૧૩

**પ્રિય રશ્મિ**

આજે તારા આકસ્મિક નિધનને એક વર્ષ પૂર્ણ થાય છે. ગયા વર્ષનો એક પણ દિવસ તારી યાદ વિના પસાર થયો નથી. મારા તથા આપણા બંને પુત્રો, માતા-પિતા તથા સર્વે સ્વજનોના હૈયામાં તારું સ્મરણ સદૈવ રહેશે....

नैनं छिन्दन्ति शास्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

લિ.

ડો. વિવેક ગજાનન ભાવે

તથા સમગ્ર પરિવાર સહ...

ગાંધીનગર

શિદોરે પરિવાર, અમરાવતી













Govt. of India Regd. No. 38383/82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com